# પૂજ્ય શ્રી સોગાનીજીની ૧૧૧મી જન્મજયંતી પ્રસંગે
# કોટી કોટી વંદન!
# પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની વિષે
# અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ભાઈશ્રીના પ્રમોદપૂર્ણ હૃદયોદ્‌ગાર !



એમની જે સત્સંગની ભાવના, ઉપકારી સત્પુરુષ પ્રત્યેની ભક્તિ, એમની જે ગૃહસ્થાદિ દશામાં ઉદાસીનતા અને એમની જે દૃષ્ટિની, દૃષ્ટિમાં તત્ત્વની પકડ - આ ચાર પડખાં એમના વચનોમાંથી બહુ સરસ નીકળે છે! ચારે ચાર પડખાં એવા સરસ નીકળે છે કે ઈ આત્મા કેવા હતા એ તરત ખબર પડે એવી વાત છે. ચાર પડખેથી જો એને વિચારવામાં આવે તો એમના શબ્દદેહ ઉપરથી એમના આત્માનો સીધો આંક આવી જાય એવું છે. એવો સરસ વિષય છે.

(—પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૮ : અંક–૨૯૩, વર્ષ–૨૪, મે–૨૦૨૨

## અષાઢ વદ ૧૩, શનિવાર, તા.૧૬–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૯૦, પ્રવચન–૩૬

'પરમાત્મ પ્રકાશ'માં દૃષ્ટાંત આવ્યું હતું ને? વેલડીનું દૃષ્ટાંત આપ્યું છે. વેલડી કહે છે? લતા. જ્યાં સુધી વાંસ છે ત્યાં સુધી વેલ ચાલે છે, પછી ન ચાલી એટલે એની તાકાત નથી એમ નહિ. વાંસ છે ત્યાં સુધી ચાલી પછી એમ ને એમ ઉપર ચડે છે. એમ ભગવાન જ્ઞાનમાં લોકાલોકનો મંડપ એટલો દેખાય છે માટે શક્તિ એટલી છે, એમ નહિ. ભગવાન! એ સ્વભાવની મર્યાદા નથી. આહાહા..! સ્વભાવ કોને કહે! પરમાણુનો સ્વભાવ કોને કહે? ઓહોહો..! એક સમયમાં પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે ગતિ કરે છે, બીજા સમયે ચૌદ બ્રહ્માંડ ગતિ કરે છે, કારણ શું? કારણ શું? દ્રવ્ય-ગુણ કારણ છે? એ તો ત્રિકાળ પડ્યા છે. કાળ કારણ છે? કાલકરણા લખ્યું છે. 'પંચાસ્તિકાય'માં લખ્યું છે-કાલકરણા. પુદ્‌ગલ. અને જીવને પુદ્‌ગલ કરણા. એ હો. લાવો સિદ્ધાંત. એક રજકણ પરમાણુ પોઈન્ટ એક સમયમાં આટલો જાય, બીજે સમયે ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. કારણ કોણ? કારણ શું, એ પર્યાયનો સ્વતઃ સ્વભાવ છે. દ્રવ્ય-ગુણને કારણે નહિ. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ પડ્યા છે. પહેલા પણ એક સમય ચાલ્યો ત્યારે દ્રવ્ય-ગુણ પડ્યા છે. કાળ તો નિમિત્ત છે. કાળ કરાવી દે છે એને? શું છે? ભગવાન! સ્વભાવની ચીજ જ એવી છે.

'પંચાસ્તિકાય'માં કહ્યું છે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય લોક પર્યંત છે. પછી આકાશ (છે). 'લોકસ્વભાવ' એમ આવ્યું છે. લોકનો સ્વભાવ સાંભળનારને ભગવાને આમ કહ્યું છે. લોકનો સ્વભાવ, આવે છે કે નહિ? 'લોકસ્વભાવ' આવે છે. આચાર્યોએ તો ઘણું નાખ્યું છે, બહુ સ્પષ્ટ કર્યુ છે. ઓહો..! કારણ શું? લાવો, બતાવો. એક પરમાણુ બીજે સમયે ચૌદ બ્રહ્માંડ જાય. પહેલા નીચે હોય, તદ્દન તળિયે, હોં! સાતમી નરકે. અને ત્યાંથી એક પ્રદેશ આમ ઊંચો આવે, બસ! એટલું. એક પ્રદેશથી બીજા પ્રદેશે. બીજે સમયે ત્યાંથી ઠેઠ સિદ્ધ (શિલા સુધી જાય). કારણ કોણ? કારણ કાઢો. કોઈ કારણ બતાવો. ન્યાયથી તો વિચાર કરવો પડશે કે નહિ?


મુમુક્ષુ :- તે વખતનો કાળ બળવાન.

ઉત્તર :- કાળ શું બળવાન? એ.. પંડિતજી! ભગવાન! એ સ્વભાવની અચિંત્યતા છે પ્રભુ! જડની એક સમયની અચિંત્યતા એવી તો આત્માના એક સમયના જ્ઞાનની પર્યાયની અચિંત્યતાની વાત શું કરવી!

મુમુક્ષુ :- એમ માને તો નિમિત્તનું જોર ચાલ્યું જાય છે.

ઉત્તર :- ભાઈ! નિમિત્ત છે. કોણ ના પાડે છે? પણ નિમિત્ત નિમિત્તના ઘરમાં છે. શું અહીંયાં ગરી ગયું છે? ને એના કારણે આ પર્યાય છે? નિમિત્ત પહેલા નહોતું? પછી નિમિત્તમાં શું થયું? એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યો

તો કારણ શું? લાવો, બતાવો. નિમિત્ત કહો, તો નિમિત્ત કોણ છે? નિમિત્ત તો સદાય એકસરખું પડ્યું છે. ભગવાન! એમ ન હોય. એ સ્વભાવની મહિમા આવવી જોઈએ. ઓહો..હો..! જેને જ્ઞાન નથી, અને બીજે સમયે એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. સમજ્યા? ગતિની ઉગ્રતાનો પોતાનો સ્વભાવ (છે).



આ તો કેવળજ્ઞાનની એક સમયની પર્યાય કોને ન જાણે? આહાહા..! એક સમયની, હોં! પરમાણુ એક સમયમાં આમ ચાલ્યો જાય. આ તો ત્રણકાળ ત્રણલોક અનંતગુણા હોય (તોપણ જાણે).

હા, ઈ કાલે કહેતા હતા. જુઓ! એક સમયના આટલા ભાગ પડી ગયા, એમ 'રતનચંદજી'એ કહ્યું. ચૌદ્બ્રહ્માંડનું ચાલ્યું ને? પંડિતજી! તો એક સમયમાં આટલા ભાગ પડ્યા. અરે..! ભગવાન! ભાગ નહિ. અરે.. ભાઈ! એ તો એની એક સમયની ગતિની ઉગ્રતાનો સ્વભાવ છે. સમયનો શું ભાગ પડે? સમયનો ભાગ પડે છે? સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાનઆત્મા '**પર દ્રવ્યોથી અને પર ભાવોથી ભિન્ન શુદ્ધ દ્રવ્ય જાણે અને શંકારહિત વિશ્વાસમાં લાવે એ જ નિશ્ચય સમ્યગ્દર્શન છે.**' એ કોઈ બહારની ચીજ છે? એનો આત્મા કબૂલ કરવો જોઈએ ને! માનો, પણ કઈ રીતે માનવું? સસલાના શીંગડા માનો, પણ છે જ નહિ, કેવી રીતે માને? જે ચીજ છે તેનો આશ્રય કરી યથાર્થ નિઃશંક થયો. ઓ..હો..! આ ભગવાનઆત્મા અનંત કેવળજ્ઞાનનું પેટ પડ્યું છે. એની પર્યાય ત્રણકાળ ત્રણલોક જાણે, તેનાથી પણ અનંતગુણું જાણે. એવી એવી અનંતગુણી પર્યાય એક જ્ઞાનગુણમાં પડી છે. એવા સ્વદ્રવ્યની દૃષ્ટિ થઈ તો કહે છે કે, તેનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ ચોથેથી હોય છે, હોં! અત્યારે કહે છે કે, ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર સમ્યગ્દર્શન હોય, બાકી નહિ. અરે..! ભગવાન! ચોથેથી છે, પ્રભુ! તું શું કરે છે?

**મુમુક્ષુ** :- આઠ કર્મ જોર કરે છે.

ઉત્તર :- જોર–બોર એને ઘરે રહ્યું. કર્મનું જોર એને ઘરે. એના ઘરમાં જોર ઘૂસી જાય છે? સમજાણું કાંઈ?

'**ત્રણ લોકની સંપદા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સામે કાંઈ હિસાબમાં નથી.**' ત્રણ લોકની સંપદા શું પણ ધૂળ છે. સમજ્યા? એક સમયમાં જાણવા લાયક છે, આદરવા લાયક ક્યાં ત્રણલોકની સંપદા છે? '**એક નીચ ચાંડાળ પુરુષ જો સમ્યગ્દર્શન સહિત હોય તે પૂજનીય દેવ છે...**' પંડિતજી! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં આવ્યું છે ને? ભસ્મથી ઢંકાયેલો અગ્નિ. ભસ્મથી ઢંકાયેલો અગ્નિ છે, અગ્નિ છે. જાજ્વલ્યમાન અગ્નિ છે. આહાહા..! ચંડાળ દેવ છે. સમ્યગ્દર્શનની શું મહિમા છે તેને લોકો સમજતા નથી. દ્રવ્યની તો વાત જ શું કરવી! ઓહો..! એવી સમ્યગ્દર્શનની પર્યાય જેમાં અનંતી પડી છે. સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થઈ તો અનંત અનંત અનંત સદાય રહે છે કે નહિ? સાદિઅનંત. ભલે એ પર્યાય નહિ, પણ સાદિઅનંત પર્યાય છે એ બધી અંદર શ્રદ્ધામાં પડી છે. દ્રવ્યની તો વાત શું કરવી! કહે છે કે, સમ્યગ્દર્શનની મહિમા.. એ પૂજનીય દેવ, ચંડાળ પુરુષ પણ.. ઓહો..! અલ્પકાળમાં એ ચારિત્ર ધારણ કરશે. ચંડાળ પણ મુક્તિ

લેશે.

**'પરંતુ એક નવમી ગ્રૈવેયકનો અહમિન્દ્ર સમ્યગ્દર્શન વિના પૂજ્ય નથી.'** નવમી ગ્રૈવેયક ચાલ્યો જાય એટલી ક્રિયા (પાળે). ચામડા ઉતરડીને ખાર છાંટે (તોપણ) ક્રોધ ન કરે. બીજા દેવલોકની ઇન્દ્રાણી આવે તોપણ ચળે નહિ. એમાં શું થયું? સ્વદ્રવ્યની દૃષ્ટિ થયા વિના નવમી ગ્રૈવેયકનો દેવ પણ પૂજ્ય નથી. નવમી ગ્રૈવેયક, ૩૧ સાગર, અહમિન્દ્ર બધા સરખા. અહમ્ અહમ્ અહમ્ ઇન્દ્ર બધા સરખા, પણ એ પૂજ્ય નથી. આહાહા..! ભાઈ! ભગવાનઆત્માની મહિમા છે. આત્માની મહિમાની જ્યાં દૃષ્ટિ થઈ તેની શું મહિમા કહેવી!

**'એક ગૃહસ્થ સમ્યગ્દર્શન સહિત હોય તો તે એવા મુનિ કરતાં ઉત્તમ છે... '** એ તો આવ્યું ને? ગૃહસ્થો. બસ! એ. **'મિથ્યાદર્શન સહિત વ્યવહાર ચારિત્રનું પાલન કરે છે. સમ્યગ્દર્શન સહિત નરકનો વાસ પણ ઉત્તમ છે, સમ્યગ્દર્શન રહિત સ્વર્ગનો વાસ પણ બરાબર નથી.'** આહાહા..! પહેલું સમ્યગ્દર્શન એટલે દ્રવ્યમોક્ષ, દ્રવ્યનો મોક્ષ મોક્ષ થઈ ગયો. સમજ્યા? 'અમૃતચંદ્રાચાર્યદેવ'ના કળશમાં **'મુક્તએવ'** આવે છે. સાંભળ તો ખરો. પણ ભાવમોક્ષની પર્યાય થોડી બાકી છે.

**'સમ્યગ્દર્શનનું આટલું માહાત્મ્ય એટલા માટે કહેવામાં આવ્યું છે કે એની પ્રાપ્તિ થતાં અનાદિકાળનો અંધકાર મટી જાય છે અને પ્રકાશ થઈ જાય છે.'** 'સબ આગમ ભેદ સુ ઉપર બસે' બધા આગમમાં શું કહ્યું છે તે તેના જ્ઞાનમાં આવી જાય છે. એને બહાર શોધવું પડતું નથી. બધા આગમનું રહસ્ય, ચૌદ પૂર્વમાં બાર અંગમાં શું કહેવું છે? કેમ છે? એ સમ્યગ્દર્શનમાં આવી જાય છે. **'જે સંસાર પ્રિય લાગતો હતો તે હવે ત્યાગવા યોગ્ય ભાસે છે.'** અંધકાર ગયો, પ્રકાશ થયો, સંસાર આદરણીય હતો તે હવે છોડવા લાયક થઈ ગયો. આખો સંસાર, આખો સંસાર. જે ભાવે તીર્થંકર ગોત્ર બાંધે તે ભાવ પણ હેય છે.

**'સાંસારિક ઇન્દ્રિયસુખ ગ્રહણ કરવા યોગ્ય ભાસતું હતું તે ત્યાગવા યોગ્ય ભાસે છે.'** આહાહા..! અનાદિ મિથ્યાત્વમાં ઇન્દ્રિયના સુખમાં રુચિ હતી તે બધું હેય થઈ ગયું. પોતાનો અતીન્દ્રિય આનંદસુખ પોતામાં છે એવી રુચિમાં આખા આત્માનો આદર થઈ ગયો. ત્રણલોકના ઇન્દ્રિયસુખનો દૃષ્ટિમાં ત્યાગ થઈ ગયો. સમજાણું કાંઈ? **'જે અતીન્દ્રિય સ્વાધીન સુખની ખબર જ નહોતી તેનો પત્તો લાગી જાય છે અને તેનો સ્વાદ પણ આવવા લાગે છે.'** સર્વ ગુણાંશ તે સમકિત. અનંત ગુણનો પિંડ તે દ્રવ્ય. અને દ્રવ્યની રુચિથી જ્યાં અંતર પરિણમન થયું તો સર્વ ગુણનો અંશ વ્યક્તિપણે પ્રગટ ન થાય તો સર્વ ગુણાંશ, સર્વ ગુણના ધરનાર દ્રવ્યની દૃષ્ટિ થઈ ક્યાંથી? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી, આનંદની પર્યાય પ્રગટ થઈ, સ્વરૂપાચરણની પ્રગટ થઈ, સ્વચ્છતાની પ્રગટ થઈ, પ્રભુતાની પ્રગટ થઈ અને સ્વરૂપના કર્તા, કર્મ, કરણનો અંશ પણ પ્રગટ થયો. બધા ગુણનો અંશ પ્રગટ થયો.

**'સમ્યગ્દૃષ્ટિને સાચું જ્ઞાન હોય છે કે મારું આત્મદ્રવ્ય પરમ શુદ્ધ જ્ઞાતાદૃષ્ટા પરમાત્મસ્વરૂપ છે. મારી સંપત્તિ મારા જ અવિનાશી જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ ગુણ છે.'** (અજ્ઞાની જીવો) આ ધૂળની સંપદા માને. આ મિલ ને માલિક ને ધૂળ ને ફૂળ. મૂઢ છે. માલિક શેનો? પરચીજનો માલિક ક્યાંથી થયો? સહજાત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ ચૈતન્યસ્વામી. સહજાત્મસ્વરૂપ ચૈતન્યસ્વામી.

મુમુક્ષુ :- મિલમાલિક મૂઢ હશે?

ઉત્તર :- માને ઈ મૂઢ જ છે. વળી શું છે? મૂઢને શીંગડા ઉગે છે? પરવસ્તુનો સ્વામી તું ક્યાંથી થયો? એક ચીજના બે સ્વામી? એની પર્યાય અને દ્રવ્ય-ગુણનો તે સ્વામી અને તું પણ સ્વામી, એક ચીજના બે સ્વામી ક્યાંથી આવ્યા?

મુમુક્ષુ :- મિલમાલિક મોટા કહેવાય ને.

ઉત્તર :- ધૂળેય નથી. મોટા કોને કહેવા? અહીં તો સમ્યગ્દર્શન ચૈતન્યનો સ્વામી થયો તે મોટો થયો. એ.. 'મલૂકચંદભાઈ'! તમારા બે કરોડ ને ત્રણ કરોડનું કાંઈ નહિ.

મુમુક્ષુ :- અમારા માટે ગણતરી છે, આપના માટે

નહિ.

ઉત્તર :- ધૂળમાંય ન્યાં ગણતરો નથી. બધા દુઃખીના ડાળિયા છે. આહાહા..!

**'મારો અહંભાવ હવે મારા આત્મામાં છે અને મમકાર ભાવ મારા જ ગુણોમાં છે,...'** હું આત્મા અને ગુણ મારા. એમ. આ ગુણ મારા, બીજું કોઈ મારું છે નહિ. '**પહેલાં હું કર્મજનિત મારી અવસ્થાઓને મારી માનતો હતો કે હું નારકી છું, તિર્યંચ છું, મનુષ્ય છું, દેવ છું, હું સુંદર છું,...**' આ બધી માન્યતા ચાલી ગઈ. '**રોગી છું, નીરોગી છું, ક્રોધી છું,..**' સુંદર છું. એ સુંદર તો જડની દશા છે, તું સુંદર ક્યાંથી આવ્યો? હું વક્તા છું. વક્તા જડની પર્યાય છે. વક્તા ક્યાંથી થયો? સમજાણું કાંઈ? બધાનું અભિમાન ચાલ્યું ગયું. હું વક્તા છું, બે કલાક બરાબર બોલી શકું છું, હોં! ભગવાન! તારી પાસે વાણી છે? તારી પાસે વિકલ્પ પણ નથી તો વાણી ક્યાંથી આવી? વક્તા તું છે? મૂઢ છો. એવી દૃષ્ટિ ખલાસ થઈ ગઈ. હું તો વક્તા પણ નથી ને મૌન પણ નથી, એ તો જડની ચીજ છે. સમજાણું કાંઈ?

નીરોગી, ક્રોધી, માની, માયાવી, લોભી, સ્ત્રી, પુરુષ, નપુંસક દેહની (સ્થિતિ છે), હું ક્યાં છું. ભયવાન, દુઃખી, સુખી, પુણ્યનો કર્તા, પાપનો કર્તા. લ્યો! બધું ચાલ્યું ગયું. એક ચૈતન્યરવિસૂર્ય ઉગ્યો, ચૈતન્યરવિસૂર્ય સમ્યગ્દર્શન થયું ત્યાં બધું અંધારુ ગયું. જરી રાગ છે, શુભભાવ, તીર્થંકર ગોત્ર બાંધે તેનો તો કર્તા થાય ને? સમ્યગ્દૃષ્ટિને જ એવો રાગ આવે છે, પણ એ રાગનો કર્તા નથી. આવી જાય છે, બંધાઈ જાય છે. પરોપકારી છું, અજ્ઞાની એમ માને છે, હું પરોપકારી છું. કોણ પરોપકારી છે? તું શું બીજાનું કાંઈ કરી શકે છે? દાની છું, તપસ્વી છું. તપસ્યા કરે છે, શરીરમાં બહુ તપસ્યા કરી. વિદ્વાન છું, લ્યો! એટલું જાણપણું છે કે, હજારો શાસ્ત્રો અમને પાણીના પૂરની જેમ યાદ છે. પાણીનું પૂર ચાલે ને આમ.. આમ? એમાં શું થયું? ભગવાન! એ તો બહારની સંપદા છે. હું વિદ્વાન છું, એ દૃષ્ટિ તો મૂઢ છે. આહાહા..! મૂરખ છું અને વિદ્વાન છું, બેય પર્યાયનો ધર્મ છે, આત્માને શું છે?

'**વ્રતી છું,..**' લ્યો! એક સમયની પર્યાય વ્રતી થઈ તેને પોતાની માને છે. '**શ્રાવક છું, મુનિ છું,...**' એ પણ વર્તમાન પર્યાયનું અભિમાન છે. '**રાજા છું, પ્રધાન છું. એવી જ રીતે પર વસ્તુઓને પોતાની માનીને મમકાર કરતો હતો કે મારું ધન છે, ખેતર છે, મકાન છે, ગામ છે, રાજ્ય છે, મારાં વસ્ત્ર છે, આભૂષણ છે,...**' વગેરે ઘણી વાત લીધી છે. '**આવા અહંકાર-મમકારમાં આંધળો થઈને રાત દિવસ કર્મજનિત સંયોગોમાં જ ક્રીડા કર્યા કરતો હતો.**' સમજાણું કાંઈ? '**ઈષ્ટના ગ્રહણ અને અનિષ્ટના ત્યાગમાં ઉદ્યમી હતો,...**' કહો, અનુકૂળ હોય તો ઠીક, પ્રતિકૂળ હોય તો અઠીક, એવી દૃષ્ટિ મિથ્યાત્વમાં હતી. સમ્યગ્દર્શનમાં તો અનુકૂળ ઠીક અને પ્રતિકૂળ અઠીક એવું કાંઈ છે જ નહિ. કેટલો ત્યાગ થઈ ગયો, એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ આખા સંસારનો સન્યસ્ત છે. આહાહા..! આવી ગયું ને? આપણે આમાં આવી ગયું. સમ્યગ્દૃષ્ટિ સંન્યાસી છે, ખરો સંન્યાસી એ છે. રાગ વ્યવહાર પણ આદરણીય નહિ, પર આદરણીય નહિ એ બધાનો ત્યાગ થઈ ગયો (માટે) સન્યસ્ત એ છે. ભારે વાત, ભાઈ! જેનો આદર નહોતો, તેનો આદર થયો, જેનો આદર હતો તેનું જ્ઞાન થઈ ગયું, જ્ઞેય છે, બસ! ગુલાંટ ખાઈ ગઈ, દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ. આનું માહાત્મ્ય કોણ કરે! સમજાણું કાંઈ?

'**અજ્ઞાનનો નાશ થતાં જ સમ્યગ્દૃષ્ટિને પરભાવોમાં અહંકાર અને પર પદાર્થોમાં મમકાર બિલકુલ દૂર થઈ જાય છે.**' લો! '**જ્યાં સુધી તે ઘરમાં રહે છે ત્યાં સુધી કર્મોના ઉદયને ઉદય માનીને ગૃહસ્થને યોગ્ય બધી લૌકિક ક્રિયાને આત્માના કર્તવ્યથી ભિન્ન જાણે છે,...**' એ રાગાદિ, શરીરાદિ ક્રિયા મારી નથી. '**તેમાં લેપાઈ જતો નથી, અંદરમાં વૈરાગી રહે છે.**' કહો, સમજાણું કાંઈ? '**સદાય ભેદવિજ્ઞાન દ્વારા પોતાના શુદ્ધાત્માને ભિન્ન ધ્યાવે**

**(પ્રવચનનો શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૧૧ ઉપર.)**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૬૩ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૩-૬-૧૯૮૩, પ્રવચન નં. ૧૧૯ (વિષય : માર્ગદર્શન)**

**પ્રશ્ન :- આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ ?**

**ઉત્તર :- અરે ભાઈ ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ. પછી તારે કોને ફેરવવું છે ? મારી પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમે ક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થી ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું ? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી ?-દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (-શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.-એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી. ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા... આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.**

**સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવસે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે. જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. ૨૬૩.**

પાનું-૬૯. ૨૬૩ નંબરનો બોલ છે. પ્રશ્ન ઉઠાવ્યો છે કે 'આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?' પ્રશ્નકારે ત્યાં સુધી માની રાખ્યું છે કે બીજા પદાર્થોની અવસ્થામાં ફેરફાર ન કરી શકાય, બીજા પદાર્થો આત્માને આધીન પરિણમતા નથી. પોતાની ઈચ્છા, રાગ, દ્વેષ, મોહના પરિણામને તાબે થઈને બીજા પદાર્થોના કાર્યો કરી

શકાતા નથી એ વાત તો અનુભવથી પણ ખ્યાલમાં આવે છે. અનેક પ્રકારના કાર્યો કરવાના પરિણામ થવા છતાં તે કાર્યો નહિ થવાના પ્રસંગ બને છે. એ વાત ઠીક છે. ..સ્વીકાર છે, ઠીક કહેતા એનો સ્વીકાર આવે છે. **'પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?'** પ્રશ્ન ક્યાંથી આવે છે? કે પરિણામને ઈચ્છા પ્રમાણે કરવા ધારીએ તેવા થાય કે નહિ? આ મૂળ પ્રશ્ન અહીંયાં છે. પોતાના પરિણામ કોઈ જીવ, કોઈ આત્મા પોતાની ઈચ્છા પ્રમાણે કરવા ધારે તો કરી શકે એવો એનો પોતાના ઉપર, પોતાના પરિણામનો પોતાને કાબુ છે કે નહિ? આવો પ્રશ્ન છે.

હવે ખરેખર જો વિચાર કરે કે એક સમય પછી કયુ પરિણામ આવવાનું છે એની કોઈ જીવને ખબર નથી. આવું પરિણામ વર્તે છે. ત્યાર પછી કયું પરિણામ ઉત્પન્ન થશે એની ખબર છે? જો એને ખબર નથી તો આમ કરવું અને તેમ કરવું એમ ઈચ્છાને આધીન થાય ખરું?

એક માણસ વિચાર કરે કે ફલાણો વિચાર કરવો જ નહિ. એને એના જ વિચાર આવે. બને છે કે નહિ? આ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કરવું છે એટલે વિકલ્પ કરવો જ નહિ. વિકલ્પ કરવો નહિ એવું પરિણામ પણ એક વિકલ્પ થયો. એ પ્રકારે જીવની ઈચ્છાને આધીન, પોતાની ઈચ્છાને આધીન, ઈચ્છારૂપ રાગને આધીન, ઈચ્છા એટલે ઈચ્છારૂપ રાગને આધીન જીવના પોતાના પરિણામ નથી.

અહીંયાં પ્રશ્ન એથી ઊપજે છે કે પોતાના પર્યાયોના ફેરફાર કરવામાં પોતાનો કાબુ છે કે નહિ? તો કહે છે કે પોતાની પર્યાયમાં ફેરફાર કરવાનો રાગથી કાબુ છે કે રાગ વગર કાબુ જોઈએ છે? ખરેખર તો પર્યાય શુદ્ધ થાય, પર્યાય સ્વસ્થાનમાં રહે એ પર્યાયનું યથાસ્થાન છે અને તેમ થાય તો તેમાં ફેરફાર કરવો ન જોઈએ, એમાં પછી ફેરફાર કરવાનો પ્રશ્ન નથી. જરૂરત નથી, આવશ્યકતા નથી. એટલી વાત તો બરાબર છે અને એવું થવા માટેનો ઉપાય છે અને એમ સહજપણે થઈ શકે છે એ અહીંયાં પ્રશ્નના ઉત્તરમાં એ વિષય આવશે.

પણ પ્રશ્નમાં જે વાત છે કે ઈચ્છા પ્રમાણે પરિણામમાં ફેરફાર થાય કે નહિ? ન થાય. પોતાની ઈચ્છા પ્રમાણે પોતે, પોતાની ઈચ્છાને આધીન બાકીના પરિણામો કરી શકે એવું બનતું નથી. મન-વચન-કાયાના પરિણામ તો ન કરી શકે. કેમકે એ તો પરદ્રવ્ય છે. બોલવું હોય કાંઈક અને બોલાય કાંઈક. ત્યાંથી માંડીને મન-વચન-કાયાના અને બીજા પદાર્થના પરિણામને ન કરી શકે. પણ પોતામાં રાગ અને ઈચ્છાને અનુકૂળ પણ પરિણામ થાય એવું પણ પરિણામનું રાગનું આધીનપણું સિદ્ધાંતમાં નથી. વસ્તુના સિદ્ધાંતમાં નથી એટલે વસ્તુના સ્વરૂપમાં નથી. વસ્તુના વિજ્ઞાનમાં એ નથી.

તો પ્રશ્ન એટલો જ રહે છે કે પર્યાય એના યોગ્ય સ્થાનમાં રહે એવું કરી શકાય કે નહિ? હા, એવું કરી શકાય છે. તે થઈ શકે છે. એના માટે એની ઈચ્છા અને રાગ પકડી રાખવો પડે, એના માટે એની ઈચ્છામાં રહેવું પડે એ પ્રશ્ન નથી. એનો ઉપાય બીજી રીતે છે. એ ઉત્તરમાં વિષય છે.

**'ઉત્તર :- અરે ભાઈ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ.'** હવે શું કહે છે? કે તારે તારા પરિણામ ઉપર કાબુ મેળવવાનો એક અહીંયાં અભિપ્રાય છે. એને અનુસરીને આ પ્રશ્ન ઊભો થયો છે કે પરિણામ ઉપર કાબુ આવી જાય તો બધી વાત ઠીક થઈ જાય. અહીંયાં ગુરુદેવશ્રી પાયાથી એક વાત કરે છે કે તારું સ્વદ્રવ્ય કેવું છે? તારું મૂળ સ્વરૂપ કેવું છે એ નક્કી કર્યા વિના એક્કેય વાત તારી સીધી નહિ ઉતરે. જ્યાં સુધી પોતાનું સ્વરૂપ નક્કી ન થાય ત્યાં સુધી કોઈ વાત બરાબર એક

પગલું પણ, એક કાર્ય પણ એને યોગ્ય છે એ વાત પોતાના બેભાનપણામાં સ્વીકારવા યોગ્ય નથી. અહીંયાં પોતાને જ પોતાના સ્વરૂપનું બેભાનપણું છે. ત્યાં એને આમ કરવું છે અને આમ નથી કરવું, આ કર્તવ્ય છે અને આ અકર્તવ્ય છે એ વાત યોગ્ય વિચારણાવાળી નથી, સુયોગ્ય વિચારણાવાળી નથી. કેમકે પોતાની તો ખબર નથી કે પોતે કોણ છે અને કેવો છે. એટલે સૌ પહેલા પ્રથમમાં પ્રથમ એમ કહે છે કે તારા સ્વસ્વરૂપને, સ્વદ્રવ્યને પોતાની જાતને તું નક્કી કર.

હવે એમ જ્યાં નક્કી કરવા જાય છે કે હું આવો છું, મારું સ્વદ્રવ્ય આવું છે એમ શ્રદ્ધાનમાં, જ્ઞાનમાં આવો છે એમ નિશ્ચિત થાય છે ત્યારે તે જે શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વદ્રવ્યનું શ્રદ્ધાન જ્ઞાન થાય છે તે પર્યાય પોતે સ્વદ્રવ્ય તરફ અંતર્મુખ થઈને એને શ્રદ્ધા જ્ઞાનમાં લ્યે છે, વિષય કરે છે. ત્યાં સુધી તે વિષય થતો નથી. એટલે આપોઆપ પર્યાય એના સ્વસ્થાનમાં આવી ગઈ. એમ કહેવું છે. પર્યાય જ્યાં સ્વદ્રવ્યની સન્મુખ થઈ ત્યાં તે પર્યાય પોતે નિર્વિકાર થઈ અને એ નિર્વિકાર પર્યાય થઈ એ જ એને કરવું હતું. એને શું કરવું હતું? કે રાગ-દ્વેષ અને મોહ અને કોઈ દોષ જોતા નથી. કષાય કલંકનો અભાવ કરવો છે એવી જે ઈચ્છા છે તે ઈચ્છાને આધીન કોઈ આ પરિણામ નહિ થાય, એવી ઈચ્છાને આધીન એવા નિર્દોષ પરિણામ નહિ થાય પણ દોષરહિત જે સ્વદ્રવ્ય છે, નિર્દોષ પરમાત્મા જે છે એને શ્રદ્ધા-જ્ઞાનમાં લેતા, શ્રદ્ધા-જ્ઞાનમાં લેનાર પર્યાય પણ નિર્દોષ થાય છે. એ એણે કરવા યોગ્ય કરી લીધું. એક સાથે બે કાર્ય થયા. પોતાના સ્વરૂપને શ્રદ્ધા-જ્ઞાનમાં નક્કી કરવાનું પણ થયું અને નક્કી કરવા જતાં એને જે કાર્ય કરવાની ઈચ્છા પેદા કરી કે આવું નિર્દોષ મારું પરિણમન હોવું જોઈએ એ પણ થઈ ગયું. બેય એક સાથે થઈ ગયા. એ અહીંયાં લીધું છે.

બીજો એક પ્રતિપક્ષ લઈએ કે વિકારી પરિણામમાં જેવા વિકારી પરિણામ કરવા ધારીએ તેવા થાય કે ન થાય? ઈચ્છા પ્રમાણે થાય કે ન થાય? કે ન થાય. એ તો સૌથી પહેલા લઈ લીધું કે એક સમય પછી બીજું પરિણામ, પ્રવર્તમાન પરિણામ પછી બીજા સમયનું ભવિષ્યનું તાત્કાલીક પરિણામ કયું આવશે એની ખબર નથી, પછી ઉત્તરોત્તર ભવિષ્યમાં કેવા પરિણામ થશે એની પણ ખબર નથી. ત્યારે જેની ખબર નથી એનો કંટ્રોલ અત્યારથી કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. અને એ રીતે પરિણામ ઉપર પક્કડ જમાવવા જાય તો એ પક્કડ જામી શકશે નહિ, થઈ શકશે નહિ. એટલે ન થઈ શકે એવું કાર્ય જેને કરવું છે એને મિથ્યા બુદ્ધિપૂર્વક કાર્ય કરવાનો અભિપ્રાય છે. એ એની બુદ્ધિ મિથ્યા છે. એટલે એ વાત તું ત્યાં છોડી દે.

હવે વાત એટલી રહી કે એ સવિકાર પરિણામ તો ધાર્યા નથી કરી શકાતા પણ નિર્વિકાર પરિણામ કરવાની ઈચ્છા છે તો એ તો ઈચ્છા પ્રમાણે કરી શકાય કે નહિ? તો ઈચ્છા પ્રમાણે કરવાનો પ્રશ્ન નથી અહીંયાં. એવું કાર્ય થઈ શકવા યોગ્ય છે, કરી શકવા યોગ્ય છે પણ તે ઈચ્છા પ્રમાણે નહિ, ઈચ્છાને આધીન નહિ. પોતાના સ્વદ્રવ્યને શ્રદ્ધાનમાં અને જ્ઞાનમાં નિશ્ચિત કરે, પોતાનું સ્વરૂપ નક્કી થતાં અને પોતાના સ્વરૂપનો સ્વીકાર થતાં આપોઆપ પરિણામ યથાસ્થાનમાં નિર્વિકાર થાય છે કે જે પરિણામમાં પછી એને ફેરફાર કરવાની મિથ્યાબુદ્ધિ પણ રહેતી નથી. બેય એક સાથે થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જે નક્કી કર્યું એ પુરુષાર્થસહિત થયું કે પુરુષાર્થ રહિત થયું? પોતાના શ્રદ્ધાન જ્ઞાનમાં પોતાના સ્વસ્વરૂપનો નિશ્ચય થયો તે પુરુષાર્થસહિત થયો કે પુરુષાર્થરહિત થયો? કે પુરુષાર્થ સહિત થયો. પછી પુરુષાર્થ ન આવવો એ વાત રહેતી નથી.

એક વાત ખ્યાલમાં એ રાખવા જેવી છે કે

પ્રતિસમયે આત્મામાં પુરુષાર્થ દરેક જીવમાં પરિણમી જ રહ્યો છે. કોઈ જીવ પુરુષાર્થના પરિણમન વિનાનો ક્યારેય પણ એક સમયમાત્ર પણ ન હોય એવું નથી. કોઈપણ જીવ માટે. હવે જે પુરુષાર્થ એને પોતાને દુઃખમાં અને અહિતમાં કાર્ય કરે છે એ એનો ઊંધો પુરુષાર્થ છે, કુપુરુષાર્થ છે. અને જે એના આત્મિક સુખ-શાંતિમાં કાર્યગત થાય તે પુરુષાર્થ એનો સાચો પુરુષાર્થ, સુપુરુષાર્થ છે. એટલે પુરુષાર્થના અવળા-સવળાપણાનો વિચાર કરવાનો રહ્યો. પુરુષાર્થ કરવા-ન કરવાનો તો ક્યારેય વિચાર કરવાનો રહેતો નથી.

કોઈપણ જીવને પુરુષાર્થ સંબંધી જે વિચારવામાં આવે તો પુરુષાર્થ ન કરવો કે કરવો એ પ્રશ્ન અસ્થાને છે. કેમકે આત્માના ગુણોમાં સર્વ ગુણો સર્વ કાળે પરિણમનશીલ છે તો પુરુષાર્થ જેની પર્યાય છે એવો વીર્યગુણ પણ સર્વ કાળે પરિણમનશીલ છે. છએ દ્રવ્યમાં એ સામાન્યગુણ છે. જડમાં જડની શક્તિ છે. ચેતનમાં ચેતનની શક્તિ છે. તો એ તો એનો ગુણ તો સર્વ કાળે પરિણમે જ છે. એટલે પરિણમી રહ્યો છે અને પરિણમતો જેને બંધ કરી શકાતો નથી, એને પરિણમાવવો કે નહિ પરિણમાવવો એ પ્રશ્ન અસ્થાને છે, એ પ્રશ્ન તો રહેતો નથી. હવે સવળો કરવાનો સવાલ છે.

જે પર્યાય શ્રદ્ધા-જ્ઞાનની અંતર્મુખ થતાં પોતાના સ્વદ્રવ્યને શ્રદ્ધાના વિષયમાં વિષય કરે છે, જ્ઞાનથી જ્ઞાનમાં વિષય કરે છે તે પર્યાય પોતે શુદ્ધ થઈ. પછી એ શુદ્ધ પર્યાયમાં એને શું ફેરફાર કરવો છે? કે એને કોઈ ફેરફાર કરવાનો તો પછી ભાવ કે ઈચ્છા કે અભિપ્રાય રહેતો નથી. એટલે આપોઆપ એમ કહે છે કે '**જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ.**' એ પર્યાય પોતે જ દ્રવ્યમાં અંતર્મુખ થયેલી છે. હવે પર્યાય પોતે જ અંતર્મુખ થઈ પછી કોને ફેરવવાનો પ્રશ્ન રહે છે? કે પછી કોઈ ફેરવવાની વાત જ રહેતી નથી. પ્રશ્ન આપોઆપ સમાપ્ત થઈ જાય છે અહીંયાં. અથવા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો જે પર્યાયમાં ફેરફાર કરવાનો પ્રશ્ન, વસ્તુના સ્વરૂપજ્ઞાનના અભાવમાં ઉત્પન્ન થયેલો જે પર્યાયમાં ફેરફાર કરવાનો પ્રશ્ન એ સ્વરૂપજ્ઞાન થતાં એ પ્રશ્ન જ ઊભો રહેતો નથી. એમ છે.

'**મારી પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ,...**' હવે જેને પરિણમનમાં અંતર્મુખ થઈ ગયું એ શું અનુભવ કરે છે? તે અનુભવ કરે છે કે પરિણમન અંતર્મુખ છે. પર્યાય સમયે સમયે નિર્મળતામાં વિકાસ કરતી જાય છે. અંતર્મુખ વળેલી પર્યાય છે અને સમયે સમયે નિર્મળતામાં વિકાસ કરતી જાય છે, વધતી જાય છે. શાંતિ પણ વધતી જાય છે. '**આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું?**' જે પર્યાય સ્વરૂપમાં લીન છે અને જે સ્વરૂપ લીનતાને કારણે શાંતિ પણ વધતી જાય છે, શુદ્ધતા પણ વધતી જાય છે, ત્યારે હવે એ એમ થઈ ગયું ત્યાં હવે એમાં ફેરફાર તારે શું કરવાનો રહ્યો? કે એમાં કોઈ ફેરફાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. એવી પર્યાય મટાડીને બીજી કરવી છે એવું તો ત્યાં કોઈને અભિપ્રાય કે ઈચ્છા હોતી નથી. જે કરવાયોગ્ય છે, કર્તવ્ય છે એટલે કરવા યોગ્ય છે તે થઈ ગયું. કર્તવ્ય કરાઈ ગયું. એને કૃતકૃત્યપણું કહેવામાં આવે છે. કૃત્ય કૃત. કૃત એટલે કરાયું. જે કરવા યોગ્ય છે તે કરાઈ ગયું, થઈ ગયું. પછી એને કરવું એમ કંઈ વાત બાકી રહેતી નથી.

'**ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું?**' કે ત્યાં કાંઈ ફેરવવાનું રહેતું નથી. અને '**તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે.**' પરિણામમાં વિકારની ઉત્પત્તિ થતી નથી તેથી તે પરિણામ કંટ્રોલમાં આવી ગયા છે એમ કહેવામાં આવે છે. એ એનું ઉપલક્ષણ છે, ઉપલક્ષણ એને કહે છે. કઈ રીતે? કે જે જ્ઞાન

જાગૃત થઈ ગયું કે હું જ્ઞાનસ્વભાવી આત્મા છું, ચૈતન્યસ્વરૂપી આત્મા છું એને એનું પોતાનું પરિણામ કંટ્રોલ બહાર જતા નથી. જાગૃત પરિણમનમાં સમ્યગ્જ્ઞાનરૂપી લગામ છે. સાધકજીવને આંશિક જે રાગાદિ પરિણામ થાય છે, પૂરેપૂરા થતા નથી, આંશિક થાય છે એ પણ એના સમ્યગ્જ્ઞાનરૂપી લગામમાં છે. કદિ સમ્યગ્જ્ઞાનીને, ધર્મીને નિરર્ગળ પરિણામ થતા નથી. આગળિયા વિનાના, કંટ્રોલ વિનાના પરિણામ થતાં નથી. જેમ ગાંડા માણસને અને ડાહ્યા માણસને પરિણામ ચેષ્ટામાં શું ફેર છે? કે ગાંડપણ છે એને જે પરિણામ આવે છે તેવી ચેષ્ટા થાય છે એનો એને ખ્યાલ રહેતો નથી. ડાહ્યા માણસને પરિણામ થાય છે પણ એને જાગૃતિ છે કે આ મર્યાદા છે અને આ મર્યાદા નથી. ત્યારે એ મર્યાદામાં રહે છે. કેમકે મર્યાદાનું ભાન ચૂકતો નથી. એમ જ્ઞાની 'હું એક આત્મા છું, મારી આટલી જ મર્યાદા છે' એના ભાનમાં છે એટલે એને પરદ્રવ્યાશ્રિત પરિણામ છે એ કંટ્રોલમાં રહે છે, નિરર્ગળ થતાં નથી. તે પરિસ્થિતિ એની સહજ છે.

**(૨૦:૦૦ મિનિટ સુધી, પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં..)**

---

(પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન..)

છે,...' ધીરે ધીરે નિર્મળ થઈને, સાધુ થઈને કેવળજ્ઞાન પામે છે.

**'સમ્યક્ત્વ સમાન કોઈ મિત્ર નથી, એ જ સાચો મિત્ર છે, જે સંસારના દુઃખથી છોડાવીને નિર્વાણમાં પહોંચાડી દે છે.'** લ્યો, 'આત્માનુશાસન'નો દાખલો આપ્યો છે. **'શાંતભાવ, જ્ઞાન, ચારિત્ર, તપનું મૂલ્ય કાંકરા પથરા સમાન છે...'** સમ્યગ્દર્શન વિના શાંતભાવ, જ્ઞાન થાય **'बोधवृत्ततपसां पाषाणस्येव गौरवं पुंस'** આહાહા..! આચાર્યે કંઈ વાત કરી છે! **'કાંકરા પથરા સમાન સમ્યગ્દર્શન વિના તુચ્છ છે, જો સમ્યક્ત્વ સહિત હોય તો તેમનું મૂલ્ય મહાન રત્ન સમાન થઈ જાય છે.'** સમ્યગ્જ્ઞાન આદિ યથાર્થ થઈ ગયા. કિંમત સમ્યગ્દર્શનની છે. સમજાણું કાંઈ? એ મુખ્ય છે, એ પંડિત છે, એ સર્વસ્વ છે, એ સ્વભાવ સન્મુખની ગતિ કરવામાં સમ્યગ્દર્શન મુખિયો છે. પરથી વિમુખ અને સ્વથી સન્મુખ. એ સમ્યગ્દર્શન મુખ્ય છે. સમ્યગ્દર્શન જેવી કોઈ ચીજ જગતમાં મહિમાવાળી નથી. કેવળજ્ઞાન, ચારિત્ર તેની વાત શું કરવી! પણ આ તો પહેલી ચીજમાં સમ્યગ્દર્શનની આટલી મહિમા કરી છે. વિશેષ કહેશે.. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. હવે પછી રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનોનો પ્રારંભ કરવામાં આવશે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.

# અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શિષ્યરત્ન પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજી સંબંધિત પ્રમોદપૂર્ણ હૃદ્યોદ્ગારો

એ તો સવારમાં જરી વિચાર એ આવ્યો હતો. ભાઈનો'સોગાની'નો ! 'પર્યાય મેરા ધ્યાન કરો તો કરો. મૈં કિસકા કરું ?' આતા હૈ ઉસમેં ? આહા..હા...! 'સોગાની' હતા, 'કલકત્તા' ! 'નિહાલચંદ્ર સોગાની' ! યહાં આયે, બહુત વાંચન થા. (ઉનકા) લડકા પૈસાવાલા હૈ, બહુત પૈસા હૈ. ('સોગાનીજી'ને) બહુત વાંચન કિયા થા, શાસ્ત્ર અભ્યાસ કિયા થા. બહુત સાધુ–જોગી કો મિલે થે, જૈન કે સાધુ કો (મિલે થે). (ફિર) યહાં આયે (તો હમને) ઈતના કહા, પ્રભુ ! યહ રાગ કા જો વિકલ્પ ઉઠતા હૈ ન ઉસસે અંદર ભગવાન ભિન્ન હૈ ! આ..હા..હા...! ઐસે હી વિચાર મેં રાત (કો) ઘોલન કિયા, (સુબહ હોતે હી) સમ્યગ્દર્શન નિર્વિકલ્પ ધ્યાન હોકર ઉઠ ગયે. ઉસમેં લિખા હૈ. હૈ ? આજ સબેરે યાદ આયા થા. (પુસ્તક મેં) આગે લિખા હૈ નહિ તો જલ્દી મિલે ભી નહીં.

(૨૭૯ બોલ હૈ) '(અભિપ્રાયકી) જરા–સી ભૂલ,...' (યાની કિ) રાગ મેરા હૈ ઔર પર્યાય મેરી હૈ, ઈતના ભી હો તો બડી ભૂલ હૈ. 'પર્યાય ધ્યાન કરનેવાલી હૈ,...' હિન્દી હૈ. યહ પર્યાય જો જ્ઞાન કી વર્તમાન દશા હૈ, વહ ધ્યાન કરનેવાલી (હૈ). (અર્થાત્) વહ મેરા ધ્યાન કરતી હૈ. મૈં તો ધ્રુવ હું. આહા..હા...! 'પર્યાય ધ્યાન કરનેવાલી હૈ,...' આહા..હા...! રાગ નહીં, શરીર નહીં, પર્યાય ધ્રુવ નહીં. ધ્રુવ કા ધ્યાન કરનેવાલી પર્યાય હૈ. અરે... અરે...! ઐસી બાતેં હૈં ! કભી સુની ન હો. આ..હા...!

'પર્યાય ધ્યાન કરનેવાલી હૈ, ઔર 'મૈં' તો ધ્યાનકી વિષયભૂત વસ્તુ હૂં;...' પર્યાય ધ્યાન કરો પરંતુ મૈં તો પર્યાય (કા) જો ધ્યાન કા વિષય હૈ વહ મૈં ત્રિકાલી વસ્તુ હૂં. આહા..હા...! 'પર્યાય 'મેરા' ધ્યાન કરતી હૈ, 'મૈં' ધ્યાન કરનેવાલા નહીં હૂં.' આહા..હા...! પઢા હૈ ? આ..હા...! શરીર, વાણી, મન તો જડપર હૈ. રાગ–દયા, દાન, હિંસા (કા) વિકલ્પ વહ તો વિકાર હૈ, પરંતુ વિકાર બિના કી યહાં જો પર્યાય હૈ, વહ પર્યાય મેરા ધ્યાન કરતી હૈ. મૈં તો ધ્રુવઅનંત ગુણ કા પિંડ પ્રભુ ધ્રુવ હૂં. આહા..હા...!

...આહા..હા...! પર્યાય ધ્યાન કરે તો કરો ! મૈં તો અનંત આનંદ કા કંદ પ્રભુ હૂં. આ..હા..હા...! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' મિલા હૈ કિ નહીં ? આહા..હા...!

...('મૈં' ધ્યાન કરું, ઈસ બાતમેં; ઔર 'મૈં' ધ્યાન કરનેવાલા નહીં,) 'મૈં તો ધ્યાનકા વિષય હૂં'–ઈસ બાતમેં જરા–સા ફેર લગતા હૈ; પરન્તુ હૈ રાત–દિન જિતના બડા ફેર. (એકમેં પર્યાયદૃષ્ટિ રહતી હૈ જબકિ દૂસરેમેં દ્રવ્યદૃષ્ટિ હોતી હૈ, ઈતના બડા ફેર હૈ).' મૈં ધ્યાન કરનેવાલા નહીં, મૈં તો ધ્યાન કા વિષય હૂં. આહા..હા...! ધ્યાન કરનેવાલા મૈં ઔર ધ્યાન કરને કા વિષય મૈં દોનોં મેં ફર્ક હૈ, ઐસા કહતે હૈં. એક પર્યાયબુદ્ધિ હૈ, એક દ્રવ્યબુદ્ધિ હૈ. ઈતના ફર્ક હૈ.

('પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત' બોલ૩૩૪ થી ૩૩૬, પ્ર. ૧૨૫, તા. ૨૦-૧૦-૭૮, ૪૭:૦૦ મિનિટે)

'સોગાની' કા પુસ્તક હૈ... 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' ! (ઉનમેં) બહુત શક્તિ થી. આત્મજ્ઞાન હુઆ થા. યહીં... ઈસી ગાંવમેં...! પહલે સાધુબાવાકા બહુત પરિચય કિયા થા. યમ, નિયમ, ધ્યાન... (સબ કિયા થા). ફિર યહાં આયે (તો હમને) ઈતના કહા 'ભૈયા ! યે વિકલ્પ ઊઠતા હૈ ન ! રાગ ! ચાહે તો દયા, દાનકા હો ! યે સબ રાગસે અંદર પ્રભુ ભિન્ન હૈ !' ઐસા કહા ઔર ધ્યાનમેં ચલે ગયે. યહાં રસોઈ હૈ ન રસોઈ ? (સમિતિ) ! સમિતિમેં ગયે ઔર શામ સે સબેરે તક ધ્યાનમેં બૈઠે ! અંદરમેં ઘોલન કરતે... કરતે... કરતે... રાગસે ભિન્ન ચૈતન્યકા અનુભવ યહાં સમિતિમેં હુઆ થા. બાદમેં સારી જિંદગી બહુત અચ્છે સંસ્કાર લેકર સ્વર્ગમેં ચલે ગયે ! આહા..હા...! બહુત શક્તિ થી ! 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' હૈ ન ! ઉસમેં બહુત હૈ ! ...વહાંસે નિકલકર બાદમેં દૂસરે ભવમેં કેવલજ્ઞાન પાકર મોક્ષ હો જાયેગા ! ...વહાં સ્વર્ગમેં ભી આત્મામેં ઠરતે હૈં. પરંતુ થોડા રાગ હૈ તો મનુષ્યભવ પાકર, કેવલજ્ઞાન પાકર, રાગકા નાશ હોકર મુક્તિ હોગી !!

(શ્રી 'સમયસાર કળશ ટીકા' કળશ-૨૧૬ના પ્રવચનમાંથી, સળંગ પ્રવચન નં. ૨૪૧)

***

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના શ્રીમુખેથી વહેલા પૂજ્ય શ્રી સોગાનીજી પ્રત્યે હૃદયોદ્‌ગાર

'નિહાલભાઈ'ની કથન શૈલીની ભાષા કડક હોય પણ વસ્તુસ્થિતિ તો બરાબર કહી છે. તેઓ કેવા દેખાતા, કોઈનો ખાસ પરિચય નહિ, બોલવાનું ઓછું તેથી બીજાને બહારથી ખ્યાલ ન આવે. તેમની અંતરની પરિણતિ જુદી હતી. જીવના અંતરના પરિણામ બહારથી કળી શકાતા નથી. તેઓએ વસ્તુસ્થિતિ સત્ય કહી છે. માર્ગ સત્ય કીધો છે તે ગ્રહણ કરવો જોઈએ.

'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માં કહ્યું છે ને...!? 'પર્યાય મારું ધ્યાન કરે તો કરો, મૈં કિસકા ધ્યાન કરું' આ બરાબર કહ્યું છે. દ્રવ્યને ક્યાં ધ્યાન કરવાનું છે ? વાસ્તવિક સ્થિતિ તો વસ્તુની એમ છે, જેમ છે તેમ કહે છે. કોઈને ભાષા કડક લાગે તો શું થાય ? અંતરની પરિણતિ જુદી જ હતી.

***

પ્રશ્ન : 'દ્રવ્યષ્ટિ પ્રકાશ'માં અપરિણામી... અપરિણામી આ શબ્દ વારંવાર આવે છે તો શું કહેવું છે ?

ઉત્તર : તેમને અપરિણામી કહી 'આખો જ્ઞાયક' એમ કહેવું છે. બધાને જુદાં જુદાં પ્રકારે કહેવાનો પ્રકાર હોય છે. 'સમયસાર'માં 'અખંડ જ્ઞાયક' કહ્યો છે તે જ આ 'અપરિણામી' કહ્યું છે. આ ગુણ છે, આ પર્યાય છે એવા ભેદમાં શા માટે રોકાય છે ? અભેદમાં જા, ભેદમાં ન રોકા. જો ભેદમાં રોકાઈશ તો અભેદમાં નહિ જઈ શક. માટે અપરિણામીનું લક્ષ કર, ત્યાં સ્થિર થા, ત્યાં પ્રસરી જા. અપરિણામી એટલે કૂટસ્થ નહિ, પરિણમન તો થયા કરશે પણ તું નિષ્ક્રિય ઉપર દષ્ટિ સ્થાપ. અભેદનું જોર લાવ !

જેમ સમુદ્રમાં મોજાંને ન જોતાં તેની સપાટીને જો ને ત્યાં ષ્ટિ સ્થાપ ! તરંગો તો ઉછળ્યા જ કરશે. તેના સામે શા માટે જોવે છે? તેમ અનંત ગુણોની એકરૂપ સપાટી જે ધ્રુવ-અપરિણામી સ્થિર દ્રવ્ય છે ત્યાં દષ્ટિને

સ્થાપ! પરિણમન તો થયા જ કરશે. પરિણામ ગૌણ થઈ જાય છે, શૂન્ય થઈ જતાં નથી. માટે 'અપરિણામી' પર દૃષ્ટિ સ્થાપ એમ કહ્યું છે.

'નિયમસાર'માં પારિણામિકભાવ પર દૃષ્ટિ દે એમ આવે છે તે જ આ 'અપરિણામી' કહ્યો છે. તેમને 'અપરિણામી'ની ધૂન હતી તેથી તે શબ્દ આવ્યો છે. નિષ્ક્રિય કહેતાં પણ અપરિણામી છે. 'સમયસાર'માં 'જ્ઞાયક' ઉપર દૃષ્ટિ દે તેથી પરિણામ દેખાતાં નથી. જ્ઞાયક કહો, પારિણામિકભાવ કહો, અપરિણામી કહો એ બધું એક જ છે. 'પૂજ્ય ગુરુદેવ'ને પણ જ્ઞાયકની ઘણી ધૂન હતી. હું પણ બધાને આ જ કહું છું કે જ્ઞાયકને ઓળખો.

(તા. ૩-૧૨-૭૫)


## કરુણામૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના શ્રીમુખેથી વહેલા પૂજ્ય શ્રી સોગાનીજી પ્રત્યે હૃદયોદ્ગાર

...('પરમાગમસાર'ના) ૨૬૫ (નંબરના) બોલમાં આશ્રયનો પ્રકાર અને આશ્રય શું ચીજ છે અને એ આશ્રય સાથે પારમાર્થિક વિષય કઈ રીતે પ્રરૂપિત થાય છે, પ્રતિપાદિત થાય છે એ વાત લીધી છે. બહુ મુદ્દાની વાત છે. જૈનદર્શનનો આ ટોચનો વિષય છે !! ...આ જે ન્યાય છે એ ન્યાય તો અલૌકિક છે ! એ ક્યાંય છે નહિ.

'સોગાનીજી'નો કથનશૈલીમાં આ મુખ્ય વિષય હતો. એમના પત્રો પહેલાં-વહેલાં જોયા, એમના પરિચય પહેલાં જોયા હતા, પછી પરિચય થયો. પત્રો તો પહેલાં વાંચ્યા (હતા), ત્યારે એ વિચાર આવ્યો હતો કે, જૈનદર્શનનો ટોચના તત્ત્વજ્ઞાનનો વિષય આમના પત્રોમાં છે. ત્યારે ગુરુદેવશ્રીનો વિચાર આવ્યો કે, ઓ..હો...! ગુરુદેવશ્રીને સાંભળીને લોકો આવું તત્ત્વ પકડી શકે છે !! કેમકે એ સમ્યક્દૃષ્ટિ છે કે નહિ એ તો પરિચય વગર કાંઈ નક્કી થાય એવું નહોતું. પ્રશ્ન એ ચાલ્યો કે, સમ્યક્દૃષ્ટિ હશે ? કેમ ખબર પડે ? મળીએ, મળ્યા વગર શું ખબર પડે? પરિચય થયા વગર શું ખબર પડે? પણ પત્રોનો વિષય તો જૈનદર્શનના ટોચનો વિષય છે !! એમાં કોઈ ફેરફાર નથી. ત્યારે ગુરુદેવનો મહિમા વધારે આવ્યો હતો. મારો તો એ પ્રવેશકાળ હતો. (સંવત) ૨૦૧૫ની સાલમાં લગભગ વાંચ્યા હશે, ૨૦૧૪ની સાલમાં ઠીક-ઠીક પ્રવેશ થયો. ત્યારે એમ થયું કે, ઓ..હો...! અહીંયાં આવનારા જીવોમાં... ગુરુદેવનો મહિમા તો આવ્યો જ હતો પણ વિશેષ મહિમા આવ્યો કે, અહીંયાં આવનારા જીવોમાં આવો બધો પ્રકાર છે કે, આવા ગૂઢ વિષયને પત્રોમાં પણ લખી શકે છે !! કેટલું બધું તત્ત્વજ્ઞાન પ્રસર્યું છે કે, આવા ગૂઢ વિષયને પત્રોમાં પણ લખી શકે છે !! એમ વિચાર આવ્યો હતો.

બધા એટલી હદે નથી હોતા, પણ એ તો એ વખતે નવાં-નવાં હોઈએ ત્યારે તો શું ખબર પડે કે, આમાં કોણ કેટલાં કેવા છે ? એમને પોતાને એવું લાગ્યું હતું ! પોતે અહીંયાં આવતાંવેંત અનુભવમાં આવ્યા ત્યારે એમને એમ થઈ ગયેલું કે, મને પ્રવેશ કરતાંની સાથે જ અહીંયાં આવો અનુભવ થઈ ગયો તો અહીંયાં તો ઘણાં રહે છે, ઘણાંને આવો અનુભવ હશે !! ગુરુદેવનો પરિચય તો સેંકડો-હજારો માણસો કરે છે અને હું તો નવો-નવો છું, ઘણાંને તો બહુ જૂનો પરિચય છે. માણસ પોતાની દૃષ્ટિથી જ વિચાર કરે ને ! જે કાંઈ માપ આવે એ તો પોતાની રીતે જ આવે ને ! ('પરમાગમસાર' બોલ૨૬૫, તા. ૬-૬-૮૩ના પ્રવચનમાંથી, ૪૦:૦૦ મિનિટે)

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૧૨-A



(૨૮:૫૦ મિનિટથી...)

પ્રશ્ન :- ... જેમ કપડા વગર દાગીના શોભે નહિ તેમ નીતિ વગર ધર્મ શોભતો નથી. તો માતાજી, આ બોલમાં કૃપાળુ ગુરુદેવ લૌકિક નીતિ અને લોકોત્તર નીતિની, અને વ્યવહાર, નિશ્ચયની વાત કરે છે તે સમજાણું નહિ.

ઉત્તર :- 'ગુરુદેવે' બધી નીતિની વાત કરી છે. લૌકિકની અને લોકોત્તર બધાની. વ્યવહાર પણ એનો નીતિનો હોવો જોઈએ અને પાત્રતા એવી હોવી જોઈએ. એને ધર્મની રુચિ લાગે, ધર્મ જેને પ્રગટ થાય અથવા ધર્મની રુચિ હોય એને લૌકિક નીતિ પણ હોવી જોઈએ.

પ્રશ્ન :- લૌકિક નીતિમાં શું?

ઉત્તર :- એનો વ્યવહાર... એના બહારના આચરણ એવા ન હોવા જોઈએ કે એને અનીતિ ન હોવી જોઈએ. જૂઠા બોલવા, જૂઠા વેપાર એ અનેક જાતનું હોય છે. કુડકપટ, ગૃદ્ધિ અનેક જાતની એવી બધી (અનીતિ ન હોય). બહારનો બધો રસ ઉતરી જાય. બહાર એને નીતી બધી બરાબર હોય બહારની. જેને આત્માની રુચિ લાગી એને રસ ઉતરી જાય બધો અને નીતિમય જીવન થઈ જાય.

આમાં આવે છે ને? સાત વ્યસન ન હોવા જોઈએ એ બધું આવે છે. અમુક જાતનો ખોરાક ન હોવો જોઈએ. એ બધું આવે છે. શાસ્ત્રમાં આવે છે. 'ગુરુદેવ' ઘણી વાર કહેતા હતા. એ તો એના વ્યવહારમાં આવી જાય ને. આત્માની રુચિ લાગી એને રસ ઉતરી જાય. એવો ખોરાક જે ત્રસનો એવો ન હોય, લૌકિક નીતિ હોય, જૂઠું ન હોય, ગૃદ્ધિ ન હોય એવું બધું હોય, અંતર આત્માની રુચિ લાગી એને.

પ્રશ્ન :- વેપાર-ધંધા ખોટા ન કરે.

ઉત્તર :- હા. વેપાર-ધંધા બધું એમાં આવી જાય.

પ્રશ્ન :- એ હોય ત્યાં ધર્મ શોભે.

ઉત્તર :- એ હોય તો જ ધર્મ શોભે. તો જ એને ધર્મની રુચિ લાગે તો ધર્મ શોભે. ધર્મની રુચિ હોય એને હોવું જ ન જોઈએ.

પ્રશ્ન :- ખાવાની વાત જુદી છે પણ વેપારના માટે કોઈ એવી વસ્તુ આપણે બજારમાંથી લાવીને વેચવામાં તો વાંધો નહિને?

ઉત્તર :- જેને ખાવાનું નથી એને વેચવાનું ન હોય. જેને આત્માની રુચિ લાગી એને એવું પણ ન હોય, કાંઈ નહિ. એવું હોય કોઈ દિ'? જે પોતાને ન હોય એ બીજાને વેચવાનું પણ ન હોય. જેને જીવન આજીવિકા માટે એવો વેપાર ન હોય. આજીવિકા પુણ્ય પ્રમાણે થાય છે, કાંઈ પાપ કરીને આજીવિકા કરવી એવું તો એ કાંઈ હોતું નથી આત્માર્થીને.

પ્રશ્ન :- માતાજી! સરકારનો અમુક કાયદો એવો છે એનું કર્જ ચુકાવ્યા વગર પૈસો ભેગો થાય નહિ. તો એ અનીતિનો ગણાય કે નહિ?

ઉત્તર :- એ લાંબું બધું ક્યાં કરવું.

પ્રશ્ન :- માતાજી! 'શ્રીમદ્જી'માં એક બીજો બોલ આવે છે કે આત્મા સૌથી અત્યંત પ્રત્યક્ષ છે. એવો

પરમપુરુષે કરેલો નિશ્ચય પણ અત્યંત પ્રત્યક્ષ છે. તો શું કહેવા માગે છે?

ઉત્તર :– આત્મા સૌથી...?

પ્રશ્ન :– આત્મા સૌથી અત્યંત પ્રત્યક્ષ છે.

ઉત્તર :– બધાથી પ્રત્યક્ષ આત્મા જ પ્રત્યક્ષ છે. આત્મા તું જો તો ખરો. આત્મા તારી પ્રત્યક્ષ જ છે. બધાથી પ્રત્યક્ષ આત્મા જ છે. તને આ બધું બહારનું પ્રત્યક્ષ લાગે છે કે આ બધું મને પ્રત્યક્ષ છે. આ બાહ્ય દ્રવ્યો બધા પ્રત્યક્ષ છે. બહારનું તને આ આંખથી દેખાય એ બધું પ્રત્યક્ષ લાગે છે. ખરી રીતે આત્મા જ પ્રત્યક્ષ છે. કારણ તું પોતે જ આત્મા છો અને એ જ્ઞાનસ્વરૂપ આત્મા તું પોતે જ છો. માટે સૌથી પ્રત્યક્ષ હોય તો આત્મા જ પ્રત્યક્ષ છે. એવો પરમ પુરુષે કરેલો નિશ્ચય તે પ્રત્યક્ષ છે, તે અત્યંત પ્રત્યક્ષ છે.

પરમ પુરુષોએ જે નિશ્ચય કર્યો કે આત્મા બધાથી પ્રત્યક્ષ છે, એનાથી વધારે અત્યંત પ્રત્યક્ષ છે. અને એ બરાબર છે કે બધાથી પ્રત્યક્ષ હોય તો આત્મા જ છે. કારણ કે પોતે જ છે અને પોતાની સમીપ નહિ પણ પોતે જ છે. માટે આત્મા પોતે અનુભૂતિમાં આવે એવો છે. માટે આત્મા બધાથી પ્રત્યક્ષ હોય તો આત્મા જ છે. આ તો બધું પરદ્રવ્ય છે. તને પ્રત્યક્ષ લાગે છે. આ આંખથી દેખાય એ બધું. એ તો બધું દૂર છે. એ કાંઈ કોઈને પૂરું જાણી શકતું નથી પરદ્રવ્યનું સ્વરૂપ. આત્માને જે જાણતો નથી, પરને જાણતો નથી. આત્માને જાણે તે જ ખરી રીતે પરને યથાર્થપણે જાણે છે. તું તને નથી જાણતો તો બીજાને પણ જાણી શકતો નથી. માત્ર સ્થૂળપણે તને જાણ્યું અને દેખ્યું લાગે છે. બાકી ખરી રીતે આત્મા પ્રત્યક્ષ છે, તું એને જાણ અને દેખ. બધાથી પ્રત્યક્ષ હોય તો આત્મા સ્પષ્ટ પ્રત્યક્ષ છે.

પ્રશ્ન :– પોતે જ હોવાથી પોતાને પ્રત્યક્ષ જ છે.

ઉત્તર :– પોતે હોવાથી પોતાને પ્રત્યક્ષ જ છે.

પ્રશ્ન :– અનુભૂતિ છે તેને પ્રત્યક્ષ છે.

ઉત્તર :– અનુભૂતિ થાય તેને તો પ્રત્યક્ષ છે. કારણ કે વેદનમાં આવ્યો. પણ અનુભૂતિ નથી થઈ તોપણ એને જે ગુરુ અને આચાર્યો કહે છે કે તને પ્રત્યક્ષ છે. એને લાગતું નથી, ભૂલી ગયો છે પણ સ્વભાવે પ્રત્યક્ષ છે. અનુભૂતિથી પ્રત્યક્ષ છે પણ બીજાને સ્વભાવથી પ્રત્યક્ષ છે. એનો સ્વભાવ પ્રત્યક્ષ છે. પણ એ ભૂલી ગયો છે એટલે પ્રત્યક્ષ લાગતું નથી. ભૂલી ગયો છે. આત્માને ક્યાં ગોતવો? બહારમાં ગોતે છે, પુદ્‌ગલોમાં ગોતે છે, ચારે બાજુ ગોતે છે. અંદરમાં વિભાવમાં ગોતે છે, શરીરમાં ગોતે છે. આત્મા દેખાતો નથી. પોતાને ભૂલી ગયો. સ્વભાવથી પ્રત્યક્ષ છે.

પ્રશ્ન :– ઈન્દ્રિયથી તો પ્રત્યક્ષ થતો નથી.

ઉત્તર :– ઈન્દ્રિયોથી નથી થતો પણ સ્વભાવથી, જ્ઞાનથી પ્રત્યક્ષ છે. જ્ઞાન પ્રગટ કર તો જ્ઞાનથી પ્રત્યક્ષ છે. એનો સ્વભાવ જ પ્રત્યક્ષ છે પણ તને દેખાતો નથી. તું ભૂલી ગયો છો. તારી નજર બહાર ગઈ છે.

પ્રશ્ન :– આમાં આવે છે, સકળ નિરાવરણ પ્રત્યક્ષ પ્રતિભાસમય. એ પ્રત્યક્ષ એટલે આ સ્વભાવથી પ્રત્યક્ષ છે?

ઉત્તર :– આ સ્વભાવથી પ્રત્યક્ષ છે. સકળ નિરાવરણ અખંડ પ્રત્યક્ષ છે. પરમપારિણામિકભાવ સ્વરૂપ પોતે પ્રત્યક્ષ છે. અનાદિઅનંત સ્વભાવરૂપ પરમપારિણામિકભાવરૂપ પ્રત્યક્ષ છે. અનાદિઅનંત. છાનો નથી, કોઈએ એને ગોપવ્યો નથી, ગુપ્ત નથી, ક્યાંય દબાઈ ગયો નથી. પણ પોતાનો ઉપયોગ બહાર ગયો એટલે જાણે પોતે છૂપો થઈ ગયો છે, ગુપ્ત થઈ ગયો છે. જાણે ક્યાંય દેખાતો નથી એવું એને થઈ પડ્યું છે. પરમપારિણામિકભાવસ્વરૂપ અનાદિઅનંત સકળ પ્રત્યક્ષ નિરાવરણ છે. એવો આત્મા છે.

(૩૭:૫૦ મિનિટ સુધી)



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

# આત્મા કઈ રીતે પ્રાપ્ત થાય?

પોતાના ત્રિકાળી અસ્તિત્વમાં અહંપણું થવાથી પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. (૨૫)

***

પ્રશ્ન : શરૂઆતવાળાએ અનુભવનો પ્રયત્ન કઈ રીતે કરવો?

ઉત્તર : હું પરિણામમાત્ર નથી, ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણું સ્થાપી દેવું તે જ ઉપાય છે. (૭૦)

***

પ્રશ્ન : શરૂઆતવાળાને, વિચારમાં બેસે છે, તો હું આવો છું—હું આવો છું તેમ કરે છે, તેમાં કલાક અડધા કલાકમાં થાક લાગે છે, તો કેમ?

ઉત્તર : વિકલ્પમાં તો થાક જ લાગે ને! હું આવો છું—એમ અનુભવ કરવામાં શાંતિ છે. (૮૯)

એક જ માસ્ટર કી (Master Key) છે, બધી વાતોમાં, બધા શાસ્ત્રોમાં એક જ સાર છે. ત્રિકાલીપણામાં અહંપણું જોડી દેવાનું છે. (૯૦)

***

('આત્મપ્રાપ્તિ કેમ થાય' આ વિષયમાં જિજ્ઞાસાપૂર્વક પૂછેલા પ્રશ્નનો આ વિસ્તૃત ઉત્તર છે :)

રુચિમાં ખરેખર પોતાની જરૂરત લાગે, ત્યારે પોતાની વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે નહિ. ચોવીસ કલાક ચિંતનમાં-વગરચિંતનમાં એક આ જ (સ્વરૂપનું ઘોલન) ચાલતું રહે. જે વિષયની રુચિ હોય છે, તે વિષય, સેંકડો બાહ્યકાર્ય કરવા છતાં પણ, ચાલુ જ રહે છે. બહારનો ઉપયોગ ઉપર ઉપર ચાલે છે—તેમાં જાગૃતિ હોતી નથી. જે વિષયની રુચિ હોય છે તેમાં જ જાગૃતિ રહે છે. સેંકડો કાર્ય કરતા રહેવા છતાં પણ, તે બધાની ગૌણતા જ રહ્યા કરે છે અને રુચિનો વિષય જ મુખ્ય રહે છે.


વિકલ્પાત્મક વિચારમાં પણ, શરીરાકાર ચૈતન્યમૂર્તિને ટાંકી દો. 'હું તો આ જ છું.' સુખ-દુઃખની જે કાંઈ પર્યાય થાય તેની ઉપેક્ષા રાખો. 'હું તો આ જ છું.' વિચાર ચાલે, તેની પણ ગૌણતા રાખો. 'હું તો એવો ને એવો ચૈતન્યમૂર્તિ છું.' બસ આ જ દઢતા કરતા રહો.

સાંભળવું, શાસ્ત્ર વાંચવું વગેરે બધાની ગૌણતા થવી જોઈએ. એકાંતનો વધુ અભ્યાસ રહેવો જોઈએ. (જેથી સ્વરૂપ-ઘોલન વધે.)

આ (સમ્યક્ત્વ) પ્રાપ્ત ન થયું તો જીવ નિગોદમાં ચાલ્યો જશે. એમ નિગોદના ભયથી પોતાનું કાર્ય કરવા ચાહે, (જે યથાર્થ નથી.) પરંતુ (અભિપ્રાયમાં) નિગોદની અવસ્થા હો અથવા સિદ્ધની, મારો કાંઈ બગાડ-સુધાર નથી (હું અવસ્થારૂપ નથી) એવી હું અચલિત વસ્તુ છું - એવી શ્રદ્ધા જામી જવી જોઈએ. પર્યાય ગમે તેવી હો, તેની ઉપેક્ષા જ રહેવી જોઈએ.

પરદ્રવ્યની સાથે તો કાંઈ સંબંધ જ નથી. એટલો આ વાતનો તો પક્ષ હોવો જોઈએ - પછી વસ્તુ (ત્રિકાળી ધ્રુવ) અને પરિણામ (ઉત્પાદ-વ્યય) એ બે વચ્ચેના વિચારમાં જ બધો સમય લગાવી દેવો. ચોવીસે કલાક બસ આ જ (સ્વરૂપનું ઘૂંટણ) ચાલવું જોઈએ. પ્રવૃત્તિભાવને ગૌણ કરીને આ જ એકની મુખ્યતા હોવી જોઈએ. આ જ પ્રયાસ નિરંતર ચાલવો જોઈએ. (૨૫૦)


***


**નવીન પ્રકાશન**

**અધ્યાત્મ પિપાસા (ભાગ-૨)**

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા' નામક ગુજરાતી ગ્રંથ કુલ ૧૩ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના સાથે પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આગામી જન્મ જયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૧૩-૮-૨૦૨૨ના દિવસે ભાગ-૨ પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની જરૂરિયાત હોય તેઓએ પોતાના નામ તથા સરનામા તા. ૧૫-૭-૨૦૨૨ પહેલા, શ્રી રાજેન્દ્રભાઈ જૈન, ભાવનગર, (મો. ૯૮૨૫૧૫૫૦૬૬)ને વોટ્સ અપ કરવા વિનંતી.




**પત્રાંક-૨૯૯**

**વવાણિયા, કાર્તિક સુદ ૭, રવિ, ૧૯૪૮**

ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.

અને એ એક જ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે, અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે, સમજાતું જાય છે.

એ લક્ષ આગળ થયા વિના જપ, તપ, ધ્યાન કે દાન કોઈની યથાયોગ્ય સિદ્ધિ નથી, અને ત્યાં સુધી ધ્યાનાદિક નહીં જેવાં કામનાં છે.

માટે એમાંથી જે જે સાધનો થઈ શકતાં હોય તે બધાં એક લક્ષ થવાને અર્થે કરવાં કે જે લક્ષ અમે ઉપર જણાવ્યો છે. જપતપાદિક કંઈ નિષેધવા યોગ્ય નથી; તથાપિ તે બધાં એક લક્ષને અર્થે છે, અને એ લક્ષ વિના જીવને સમ્યક્ત્વસિદ્ધિ થતી નથી.

વધારે શું કહીએ ? ઉપર જણાવ્યું છે તેટલું જ સમજવાને માટે સઘળાં શાસ્ત્રો પ્રતિપાદિત થયાં છે.

***

**પત્રાંક-૩૦૦**

**વવાણિયા, કારતક સુદ ૮, સોમ, ૧૯૪૮**

ૐ

બે દિવસ પહેલાં પત્ર પ્રાપ્ત થયું છે. સાથેનાં ચારે પત્રો વાંચ્યાં છે.

મગનલાલ, કીલાભાઈ, ખુશાલભાઈ વગેરેની આણંદ આવવાની ઈચ્છા છે તો તેમ કરવામાં કંઈ અડચણ નથી; તથાપિ બીજા મનુષ્યોમાં એ વાતથી અમારું પ્રગટપણું જણાય છે, કે એમના સમાગમાર્થે અમુક મનુષ્યો જાય છે, જે જેમ બને તેમ ઓછું પ્રસિદ્ધિમાં આવવું જોઈએ. તેવું પ્રગટપણું હાલ અમને પ્રતિબંધરૂપ થાય છે.

કીલાભાઈને જણાવશો કે તમે પત્રેચ્છા કરી પણ તેથી કંઈ પ્રયોજન સિદ્ધ થઈ શકશે નહીં. કંઈ પૃચ્છા કરવા ઈચ્છા હોય તો તેમણે આણંદ હર્ષપૂર્વક કરવી.

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (મે-૨૦૨૨)નું શુલ્ક એક મુમુક્ષુ, અમેરિકા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**